# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જા.ક્ર.: ૪૦૧/૨૦૨૫૨૬, ફાર્માસિસ્ટ/કમ્પાઉન્ડર (આયુર્વેદ),વર્ગ–૩, સંવર્ગ

## (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશ)

## ફાઈનલ આન્સર કી (FAK) પ્રસિદ્ધ કરવા અંગેની અગત્યની સૂચના

સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના નિયામકશ્રી, આયુષની કચેરી હસ્તકની ફાર્માસિસ્ટ/કમ્પાઉન્ડર (આયુર્વેદ), વર્ગ–૩ સંવર્ગની કુલ–૧૬ જગ્યા (માત્ર દિવ્યાંગ ઉમેદવારો) માટે મંડળ દ્વારા પ્રસિદ્ધ કરાયેલ જા.ક્ર.:૪૦૧/૨૦૨૫૨૬ અંતર્ગત **CBRT** પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા તા.૨૧/૦૮/૨૦૨૬ ના રોજ યોજવામાં આવેલ હતી. આ પરીક્ષામાં **Part - A** માં ૯૦ પ્રશ્નો અને **Part - B** માં ૧૨૦ પ્રશ્નો મળીને કુલ–૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવેલ હતા. જેની પ્રોવિઝનલ આન્સર કી **(PAK)** તા.૨૪/૦૮/૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પ્રોવિઝનલ આન્સર કી સામે વાંધા સૂચનો રજુ કરવામાં આવેલ ન હતા. પરંતુ મંડળ દ્વારા તમામ ૨૧૦ પ્રશ્નોની વિષય નિષ્ણાંતશ્રીઓ પાસેથી કરાવાયેલ પુન:ચકાસણી અન્વયે **Part – A** અને **Part - B** નાં કોઈ પણ પ્રશ્નના જવાબમાં સુધારો કરવાનો રહેતો નથી.

ઉપરોક્ત બાબતો અન્વયે ઉમેદવારોને **Part - A** માં કુલ–૯૦ પ્રશ્નો માટે કુલ–૯૦ માર્કસ મુજબ પ્રતિ પ્રશ્નના સાચા જવાબ માટે **+1.0** માર્કસ ગણવામાં આવશે અને પ્રત્યેક ખોટા જવાબ માટે **-0.25** માર્કસ કાપવામાં આવશે.

જ્યારે **Part - B** માં કુલ ૧૨૦ પ્રશ્નો માટે કુલ–૧૨૦ માર્કસ મુજબ પ્રતિ પ્રશ્નના સાચા જવાબ માટે **+1.0** માર્કસ ગણવામાં આવશે અને પ્રત્યેક ખોટા જવાબ માટે **-0.25** માર્કસ કાપવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોને નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

**સ્થળ: ગાંધીનગર**
**તારીખ: ૧૪/૦૯/૨૦૨૬**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**